RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

✱Editor : Pradip A. Raval (Mo) 98246 53073 ✱ Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

✱ Volume : 12 ✱ Issue No. 139 ✱ Date: 13.3.2026,Friday ✱ Page :04 ✱ Rs. 1.00/- ✱ Annual Rs. 351/-

# ફક્ત આવકના આધારે ક્રીમિ લેયર નક્કી ના કરી શકાય... OBC અનામત મુદ્દે સુપ્રીમ કોર્ટનું નિવેદન



સુપ્રીમ કોર્ટે આર્જેંઝ અનામત અંગે મોટો ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે એ સ્પષ્ટ કર્યું છે કે, કોઈ ઉમેદવારનો ક્રીમિ લેયર દરજ્જો ફક્ત તેમના પરિવારની આવકના આધારે નક્કી ન કરી શકાય. કેસની સુનાવણી કરતા બેન્ચે કહ્યું કે, 'પોસ્ટની શ્રેણીઓ અને સ્ટેટસના માપદંડોનો સંદર્ભ લીધા વિના, ફક્ત આવકના આધારે ક્રીમિ લેયર દરજ્જો નક્કી કરવો કાયદાકીય દ્રષ્ટિએ યોગ્ય નથી.' કોર્ટનું માનવું છે કે આવકની સાથે-સાથે વ્યક્તિના સામાજિક અને વ્યાવસાયિક પદને પણ ધ્યાનમાં રાખવું અનિવાર્ય છે. ક્રીમિ લેયર શબ્દનો પ્રયોગંઝ સમુદાયના એવા લોકો માટે કરાય છે, જે આર્થિક અને સામાજિક રીતે ખૂબ સમૃદ્ધ બની ચૂક્યા છે. અનામતનો લાભ આ વર્ગને ન મળીને સમુદાયના એ ગરીબ અને પછાત લોકો સુધી પહોંચે, જેની તેને ખરેખર જરૂર છે. આ વિચારની શરૂઆત ૧૯૯૨ના પ્રખ્યાત ઈન્દ્રા સાહની દૃજ ભારત સરકાર મામલા બાદ થઈ હતી. ત્યારે સુપ્રીમ કોર્ટેંઝ રિઝર્વેશનને યથાવત રાખ્યુ હતું પરંતુ સમૃદ્ધ લોકોને આમાંથી બાકાત રાખવાનો આદેશ આપ્યો હતો. ત્યારબાદ ૧૯૯૩માં સરકારે તેને લાગુ કરવાના નિયમો બનાવ્યા હતા. વર્તમાન નિયમો પ્રમાણે જ કોઈંઝ પરિવારની વાર્ષિક આવક ૮ લાખ રૂપિયાથી વધુ છે તો તેને ક્રીમિ લેયર દરજ્જો અપાય છે. આવા ઉમેદવારો સરકારી નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં અનામતના હકદાર નથી. આવકની આ મર્યાદા છેલ્લી વાર ૨૦૧૭માં ૬ લાખ રૂપિયાથી વધારીને ૮ લાખ રૂપિયા કરવામાં આવી હતી. આવક ઉપરાંત ઉચ્ચ બંધારણીય હોદ્દા પર બેઠેલા વ્યક્તિઓ, વરિષ્ઠ સરકારી અધિકારીઓ, સશસ્ત્ર દળોના વરિષ્ઠ અધિકારીઓ અને મોટા ઉદ્યોગપતિઓના બાળકોને પણ ક્રીમિ લેયરની શ્રેણીમાં મૂકવામાં આવે છે.

સુપ્રીમ કોર્ટના આ નવા ચુકાદાથી સરકાર પર ક્રીમિ લેયરની ઓળખ કરનારા ૧૯૯૩ના નિયમોની સમીક્ષા કરવાનું દબાણ વધી શકે છે. કોર્ટે સંકેત આપ્યો છે કે માત્ર પૈસાને માપદંડ તરીકે આધાર માની લેવો એ સામાજિક ન્યાયના વ્યાપક ઉદ્દેશ્યોની વિરુદ્ધ હોઈ શકે છે. ઉદાહરણ તરીકે એક ઓછા પગારવાળા વ્યક્તિ પણ ઊંચા વહીવટી પદ પર છે તો તેની સામાજિક સ્થિતિ એક અમીર ઉદ્યોગપતિ કરતા અલગ હોઈ શકે છે.

## હીટવેવને લઈ ગાંધીનગર મ્યુ.નો એક્શન પ્લાન

ગાંધીનગર

ગાંધીનગર શહેરમાં ઉનાળાના પ્રારંભે જ ગરમીનો પારો આસમાને પહોંચતા મહાનગરપાલિકા હરકતમાં આવી છે. આગામી દિવસોમાં સંભવિત આકરી લૂ અને હીટવેવની સ્થિતિને પહોંચી વળવા માટે મ્યુનિસિપલ કમિશનરના અધ્યક્ષ સ્થાને એક ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી, જેમાં શહેરના નાગરિકોને ગરમીથી સુરક્ષિત રાખવા માટે સર્વગ્રાહી એક્શન પ્લાન અમલી બનાવવાનો નિર્ણય લેવાયો છે. ગુજરાતમાં ઉનાળાની શરૂઆતે જ કાળઝાળ ગરમી પડવાની શરૂ થઈ ગઈ છે. હવામાન વિભાગ દ્વારા રાજ્યના વિવિધ ભાગોમાં હીટવેવની આગાહી પણ જાહેર કરવામાં આવી છે. ગાંધીનગરમાં આજે ગરમીને લઈને ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ત્યારે મહાનગરપાલિકા દ્વારા આગામી ઉનાળાની આકરી ગરમી અને હીટવેવના સંભવિત પ્રકોપને પહોંચી વળવા માટે 'એક્શન પ્લાન' તૈયાર કરી દેવામાં આવ્યો છે.

આજના તાપમાનની વિગતો પર નજર કરીએ તો, ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી નોંધાયું છે, જ્યારે લઘુત્તમ તાપમાન ૨૨ ડિગ્રી રહ્યું છે. હવામાન વિભાગ દ્વારા ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે, જે દર્શાવે છે કે આગામી ૪૮ કલાકમાં ગરમીનું જોર હજુ વધી શકે છે. હવામાં ભેજનું પ્રમાણ ૧૭ ટકા જેટલું નીચું રહેતા સૂકી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. આજે મ્યુનિસિપલ કમિશનરના અધ્યક્ષ સ્થાને યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં નાગરિકોના સ્વાસ્થ્ય અને સુવિધા માટે મહત્વના નિર્ણયો લેવાયા છે. આ બેઠક દરમિયાન મ્યુનિસિપલ કમિશનરે પીવાના પાણીના પુરવઠાને પ્રાથમિકતા આપી હતી અને શહેરમાં પાણીની તંગી ન સર્જાય તે માટે વોટર વર્ક્સ વિભાગને સતર્ક રહેવા સૂચના આપી છે. ખાસ કરીને રાહદારીઓ અને મુસાફરો માટે શહેરના સેક્ટર ૬, પેથાપુર ચોકડી, રાંધેજા ચોકડી, ક ૭ ચોકડી, વૈષ્ણદેવી સર્કલ, ઝુંડાલ સર્કલ, રિલાયન્સ ચોકડી, ભાઈજીપુરા ચોકડી, અક્ષરધામ સરગાસણ ચોકડી સહિત ૧૨ જેટલા મુખ્ય ટ્રાફિક જંક્શનો અને જાહેર સ્થળો પર મોટા મંડપ બાંધવામાં આવશે. અહીં પીવાના શુદ્ધ પાણીની સુવિધા સાથે લોકો વિરામ કરી શકશે.

આ ઉપરાંત આરોગ્ય વિભાગને તમામ સિવિલ અને અર્બન હેલ્થ સેન્ટરો પરંઈજી પેકેટનો જથ્થો ઉપલબ્ધ કરાવવા અને હીટ સ્ટ્રોકના દર્દીઓ માટે સ્પેશિયલ વોર્ડ તૈયાર રાખવા આદેશ અપાયા છે. ઉપરાંત ખાદ્ય સુરક્ષાના મુદ્દે કમિશનરે કડક વલણ અપનાવતા જણાવ્યું હતું કે, ઉનાળામાં શેરડીના રસ, ઠંડા પીણાં અને બરફના ગોળા જેવી ચીજોમાં વપરાતા પાણી અને બરફની ગુણવત્તા બાબતે ફૂડ એન્ડ સેફ્ટી વિભાગ સતત ચેકિંગ કરશે. જનતાના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારા એકમો સામે સ્થળ પર જ દંડનીય કાર્યવાહી કરવામાં આવશે. તદુપરાંત, વિવિધ સામાજિક સંસ્થાઓ સાથે સંકલન સાધીને જાહેર માર્ગો પર છાસ વિતરણના કેન્દ્રો પણ શરૂ કરવામાં આવશે. આ સિવાય સરકારના તાપમાનના સત્તાવાર આંકડાઓ અને હીટવેવની ચેતવણી સોશિયલ મીડિયા તેમજ જાહેર ડિસ્પ્લે બોર્ડ દ્વારા લોકો સુધી ત્વરિત પહોંચાડવામાં આવશે. તંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે, બપોરના ૧૨થી ૪ દરમિયાન બિનજરૂરી બહાર ન નીકળવું અને સુતરાઉ કપડાં પહેરવા તેમજ પૂરતા પ્રમાણમાં પ્રવાહી લેવું.

## રાજ્ય સરકારનો મહત્ત્વનો નિર્ણયઃ સરકારી કર્મચારીના પરિવારની વ્યાખ્યા બદલાઈ, હવે ભાઈ-બહેનોને પણ મળશે મફત સારવાર



ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રાજ્યના લાખો કર્મચારીઓના હિતમાં એક મહત્ત્વપૂર્ણ સુધારો કરવામાં આવ્યો છે. અત્યાર સુધી તબીબી સારવારના લાભો મુખ્યત્વે પત્ની/પતિ, બાળકો અને માતા-પિતા સુધી મર્યાદિત હતા, પરંતુ હવે તેમાં નિર્ભર ભાઈ-બહેનોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો હેઠળ 'કુટુંબ'ની જૂની વ્યાખ્યાને રદ કરી, તેને વધુ વ્યાપક બનાવવામાં આવી છે. નવા સુધારા મુજબ, હવે કર્મચારી પર આર્થિક રીતે આધારિત હોય તેવા સભ્યોને પણ મેડિકલ બેનિફિટ્સ મળશે.

નવી વ્યાખ્યા મુજબ પતિ અથવા પત્ની, બાળકો, માતા-પિતા, ભાઈ-બહેન અને દત્તક સંતાનને તબીબી સારવારનો લાભ મળશે. જોકે, તેઓ કર્મચારી સાથે રહેતા હોવા જોઈએ.સરકારે આર્થિક નિર્ભરતા માટેની મર્યાદા પણ સ્પષ્ટ કરી છે. જો પરિવારના સભ્યની તમામ સ્ત્રોતો (પેન્શન સહિત) માંથી થતી માસિક આવક ?૫૦૦૦થી વધુ ન હોય, તો જ તેઓ કર્મચારી પર 'પૂર્ણતઃ આશ્રિત' ગણાશે અને તેમને આ યોજનાનો લાભ મળશે.આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર, નિયમોમાં કરવામાં આવેલો આ સુધારો તાત્કાલિક અસરથી અમલમાં મૂકવામાં આવ્યો છે. આ નિર્ણયથી મધ્યમ વર્ગીય સરકારી પરિવારોને આર્થિક મોટી રાહત મળશે અને માંદગીના સમયે પરિવારના અન્ય સભ્યોની સારવારનો બોજ હળવો થશે.

## બજેટથી નારાજ દિવ્યાંગોનો ગાંધીનગરમાં દેખાવો, મહિને ૫,૦૦૦ના પેન્શનની માગ



ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ૨૦૦થી ૨૫૦ જેટલા દિવ્યાંગ લોકો એકઠા થયા હતા. તેમના દ્વારા સરકાર પાસે ૫૦૦૦ રૂપિયાના પેન્શનની માગણી સાથે સંમેલન કરવામાં આવ્યું. રાજ્યના વિવિધ સંગઠોના હેઠળ ભેગા થયેલા દિવ્યાંગો દ્વારા પોતાની તકલીફો અને મુશ્કેલીઓની રજૂઆતો કરી હતી. મળતી માહિતી અનુસાર, દિવ્યાંગો દ્વારા રાજ્ય સરકારને અલગ અલગ સંગઠનોના નેજા હેઠળ લેખિતમાં રજૂઆતો કરવામાં આવી છે. આ સંગઠનોની માગણી છે કે સરકાર તેમનું પેન્શન ૧૦૦૦ રૂપિયાથી વધારી ૫૦૦૦ રૂપિયા સુધી કરે. સંત સૂરદાસ યોજનામાં ૪૦ ટકાથી વધુ વિકલાંગતા ધરાવતા દિવ્યાંગોને યોજનાનો લાભ મળતો નથી. જેથી ૪૦ ટકાથી ૧૦૦ ટકા વિકલાંગતા ધરાવતા દિવ્યાંગોને આ યોજનાનો લાભ આપવામાં આવે. ગાંધીનગરમાં વિધાનસભાના સત્ર ચાલુ થયા બાદ અલગ અલગ સંગઠનો રાષ્ટ્રીય પક્ષો દ્વારા આંદોલન કરવામાં આવ્યા, અગાઉ વિશ્વ મહિલા દિનના દિવસે મહિલાઓની અટકાયત કરાઈ હતી. ત્યારે આજે જયારે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે દિવ્યાંગો એકઠા થયા છે, ત્યારે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ઠાલવી દેવામાં આવ્યો છે. ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે દિવ્યાંગો દ્વારા સરકાર સમક્ષ પોતાની માંગણીઓ મૂકી સંમેલન કરવામાં આવ્યું.

## વડોદરાના ગાજરાવાડી વિસ્તારમાં ક્લિનિક ચલાવતો બોગસ ડોક્ટર પકડાયો



ગાજરાવાડી સુએજ પંપીગ સ્ટેશન નજીક શિવનગરમાં છેલ્લા સાતેક મહિનાથી સ્વસ્તિક ક્લિનિકના નામે બોગસ ડોક્ટર એલોપથી દવાઓ આપી રહ્યો હોવાની વિગતો મળતા એસ.ઓ.જીની ટીમે કોર્પોરેશનના ડોક્ટરને સાથે રાખી છાપો માર્યો હતો.પોલીસે ધવલ ભરતભાઈ કવાડ(હાલ રહે. શંકરપુરા, રાવપુરા મૂળ રહે. વાઘનગર, મહુવા, ભાવનગર)ની પૂછપરછ કરતા તેની પાસે કોઈ પણ પ્રકારની ડિગ્રી મળી આવી નહોતી. પોલીસે દવાખાનામાંથી ગ્લુકોઝના બોટલ, કફ સીરપ, એન્ટીબાયોટિક્સ, ઈન્જેક્શન્સ તેમજ અન્ય દવાઓ મળી રૂ.૩૦ હજારની કિંમતની દવાઓ કબજે કરી બોગસ ડોક્ટર તરીકે પ્રેક્ટિસ કરવા બદલ ગુનો દાખલ કરવા તજવીજ હાથ ધરી છે.

**તંત્રી લેખ....**

# એર ઇન્ડિયાની ડોમેસ્ટિક ફ્લાઇટ્સ ૩૯૯ મોંઘી

મિડલ ઈસ્ટમાં વધતા તણાવની અસર હવે સામાન્ય લોકોના ખિસ્સા પર પડી રહી છે. એર ઈન્ડિયા ૧૨ માર્ચથી ડોમેસ્ટિક ફ્લાઈટ ટિકિટ પર ?૩૯૯નો ફ્યુઅલ સરચાર્જ લાદશે. આનો અર્થ એ કે તમારે હવે ટિકિટ ખરીદતી વખતે વધારાના ?૩૯૯ ચૂકવવા પડશે. એર ઈન્ડિયા આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પર પણ સરચાર્જ વસૂલશે. બ્લૂમબર્ગે એ પણ અહેવાલ આપ્યો છે કે ભારતીય એરલાઈન્સે આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ ભાડામાં આશરે ૧૫% વધારો કર્યો છે. અહેવાલ મુજબ, યુએસ, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધતા સંઘર્ષ અને હોર્મુઝ સ્ટ્રેટના વિક્ષેપને કારણે ક્રૂડ ઓઈલના ભાવ અને જેટ ઈંધણના ભાવમાં સતત વધારો થયો છે, જે ગ્લોબલ એવિએશન ઈન્ડસ્ટ્રીને પણ અસર કરી રહ્યો છે. ભારત, એશિયા અને વિશ્વભરની મોટી એરલાઈન્સે પણ ટિકિટના ભાવમાં વધારો કર્યો છે, અને ઘણી કંપનીઓ તેમના વિમાનોને ગ્રાઉન્ડ કરવાની યોજના બનાવી રહી છે. નિષ્ણાતો કહે છે કે આ ૧૯૭૦ના દાયકા પછીનું સૌથી મોટું ઓઈલ સંકટ હોઈ શકે છે. રિપોર્ટ અનુસાર, જેટ ફ્યુઅલ એટલે કે છ્હ્લની કિંમતોમાં થઈ રહેલા વધારાને જોતા ભારતની એવિએશન કંપનીઓ આવનારા દિવસોમાં ભાડું વધુ વધારી શકે છે. એરલાઈન્સનું કહેવું છે કે ઓપરેશનલ કોસ્ટ વધવાને કારણે તેમની પાસે ભાડું વધારવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી.

૨૮ ફેબ્રુઆરીએ શરૂ થયેલા ઈરાન-ઈઝરાયેલ યુદ્ધ પછી ઓઈલની સપ્લાય ચેઈન ખરાબ રીતે પ્રભાવિત થઈ છે. આ કારણે ક્રૂડ ઓઈલના ભાવ સતત વધી રહ્યા છે. બ્રેન્ટ ક્રૂડ ઓઈલનો ભાવ આજે ૯૩ ડોલર પ્રતિ બેરલ પર આવી ગયો છે. જ્યારે એક દિવસ પહેલા બ્રેન્ટ ક્રૂડ ઓઈલનો ભાવ લગભગ ૧૨૦ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયો હતો. વળી, ઘણા બજારોમાં જેટ ફ્યુઅલના ભાવ સંઘર્ષ શરૂ થયા પછી બમણા થઈ ગયા છે. યુદ્ધ પહેલા જેટ ફ્યુઅલના ભાવ લગભગ ૮૫થી ૯૦ ડોલર પ્રતિ બેરલ હતા, જે હવે વધીને ૧૫૦થી ૨૦૦ ડોલર પ્રતિ બેરલની વચ્ચે પહોંચી ગયા છે.

# ધાનેરામાં "સ્વદેશી મેળો – શોપિંગ ફેસ્ટિવલ ૨૦૨૬"નો રંગતદાર પ્રારંભ, લોકલ ઉત્પાદનોને મળ્યું જોરદાર પ્રોત્સાહન




ધાનેરા નગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના "હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી" તથા "વોકલ ફોર લોકલ"ના સંકલ્પને આગળ વધારવાના ઉદ્દેશ સાથે ધાનેરા શહેરના લાલચોક ખાતે "સ્વદેશી મેળો – શોપિંગ ફેસ્ટિવલ ૨૦૨૬"નું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળામાં સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા અને સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ વધારવાના હેતુ સાથે વિવિધ સ્ટોલો ઉભા કરવામાં આવ્યા છે.

આ સ્વદેશી મેળામાં સ્થાનિક વેપારીઓ, હસ્તકલાકારો અને નાના ઉદ્યોગકારો દ્વારા બનાવવામાં આવેલી વિવિધ વસ્તુઓ પ્રદર્શન અને વેચાણ માટે મુકવામાં આવી છે. જેના કારણે સ્થાનિક ઉત્પાદકોને સીધી બજાર મળી રહી છે અને લોકો પણ ઉત્સાહભેર સ્વદેશી વસ્તુઓની ખરીદી કરી રહ્યા છે.દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા છેલ્લા કેટલાય વર્ષોથી "વોકલ ફોર લોકલ" અને "સ્વદેશી અપનાવો" જેવા અભિયાનોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. તેના પરિણામે દેશના નાના વેપારીઓ અને સ્થાનિક ઉત્પાદકોને નવી ઓળખ અને પ્રોત્સાહન મળ્યું છે. આ અભિયાનને આગળ વધારવા માટે આવા સ્વદેશી મેળાઓ ખૂબ મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યા છે.

ધાનેરા નગરપાલિકા દ્વારા કરવામાં આવેલ સુચારૂ આયોજનના કારણે મેળામાં લોકોમાં વિશેષ ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે. રોજબરોજ મોટી સંખ્યામાં લોકો મેળાની મુલાકાત લઈ સ્વદેશી વસ્તુઓની ખરીદી કરી રહ્યા છે. સાથે સાથે શહેરના રાજકીય અગ્રણીઓ અને સમાજના આગેવાનો પણ આ મેળાની મુલાકાત લઈ સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપી રહ્યા છે. આ પ્રસંગે બનાસકાંઠા જીલ્લા મહામંત્રી તરૂણભાઈ મોદી, ધાનેરા શહેર ભાજપ મહામંત્રી જે.બી.રાજપુત, રાજેશ ત્રિવેદી, પાલિકાના તમામ સ્ટાફગણ સહિત મોટી સંખ્યામાં આગેવાનોએ પણ મુલાકાત લીધી હતી. આ રીતે ધાનેરામાં યોજાયેલ "સ્વદેશી મેળો – શોપિંગ ફેસ્ટિવલ ૨૦૨૬" સ્થાનિક વેપાર અને સ્વદેશી ઉત્પાદનો માટે એક મહત્વપૂર્ણ મંચ સાબિત થઈ રહ્યો છે.

# પાળિયાદ મહાજન પાંજરાપોળ ને માતૃશ્રીનાં મોક્ષાર્થે .૫૧,૦૦૦/ નું દાન.



મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ ઈ થી મીઠી છે મોરી માત રે જનનીની જોડ સખી નહિ જડે રે લોલ...કવિ બોટાદકાર શબ્દો યાદ આવે ત્યારે જીવદયા એજ પ્રભુ સેવા જીવદયા પ્રેમી માતૃશ્રી સ્વ.જડીબેન તળશીભાઈ ગામી પાળીયાદ નાં મોક્ષાર્થે તેમની ઉત્તરક્રિયા નિમિત્તે પરિવારજનો તરફથી રૂ.૫૧,૦૦૦/અબોલ પશુઓના ઘાસચારા માટે અર્પણ કરેલ છે.દાતાશ્રીઓ: ગોવિંદભાઈ તળશીભાઈ ગામી તથા ગોરધનભાઈ તળશીભાઈ ગામી તથા નાગરભાઈ તળશીભાઈ ગામી તથા દિલીપભાઈ તળશીભાઈ ગામી તથા માવજીભાઈ તળશીભાઈ ગામી તથા ધનજીભાઈ તળશીભાઈ ગામી શ્રી પાળિયાદ મહાજન પાંજરાપોળ અને ગૌશાળા ટ્રસ્ટ નાં ટ્રસ્ટીશ્રીઓ તથા સેવાભાવી ટીમ હાર્દિક શ્રદ્ધાંજલિ સહ પુષ્પાંજલિ અર્પણ કરી પરિવારજનો નાં જીવદયા નાં સુકૃત કાર્યનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે.

# કંપનીઓએ કોમર્શિયલ ગેસનો સપ્લાય બંધ કરતા કકળાટ

ગાંધીનગર

રાજ્યના પાટનગર ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી કોમર્શિયલ ગેસ સિલિન્ડરના સપ્લાયમાં મોટો વિક્ષેપ સર્જાયો છે. ઓઈલ કંપનીઓ દ્વારા ઉપરથી જ કોમર્શિયલ ગેસનો પુરવઠો મર્યાદિત અથવા બંધ કરી દેવામાં આવતા શહેરના વેપારીઓ અને ખાસ કરીને હોટલ-રેસ્ટોરન્ટ માલિકોની હાલત કફોડી બની ગઈ છે. ગાંધીનગરના ધમધમતા એવા ઈન્ફોસિટી કોમર્શિયલ વિસ્તારમાં આ સમસ્યાની સૌથી વધુ અસર જોવા મળી રહી છે. સેંકડો આઈટી પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થીઓ જે હોટલો પર નિર્ભર છે, તે હોટલો હવે બંધ થવાના આરે આવી ગઈ છે. પુરતા પ્રમાણમાં ગેસ સિલિન્ડર ન મળવાને કારણે અનેક વેપારીઓએ પોતાના રસોડા મર્યાદિત સમય માટે ચાલુ રાખવાની ફરજ પડી રહી છે. જો આગામી દિવસોમાં સપ્લાય રાબેતા મુજબ નહીં થાય, તો અનેક એકમોને તાળા મારવાની નોબત આવી શકે તેમ છે. શહેરની વિવિધ ગેસ એજન્સીઓના માલિકો પણ આ સ્થિતિથી ત્રસ્ત છે. એજન્સી સંચાલકોના જણાવ્યા અનુસાર, પાછળથી જ સપ્લાય ચેઈનમાં અવરોધ હોવાને કારણે તેઓ ગ્રાહકોને સિલિન્ડર પહોંચાડી શકતા નથી. દિવસભર સેંકડો ગ્રાહકોના ફોન અને રૂબરૂ મુલાકાતોથી એજન્સી માલિકો જવાબો આપીને થાકી ગયા છે. એક તરફ કોમર્શિયલ ગેસનો પુરવઠો ખોરવાયો છે, તો બીજી તરફ ડોમેસ્ટિક ગેસ માટે પણ સરકારના નવા આદેશોની ચર્ચા છે. હવે ગ્રાહકોએ ૨૫ દિવસ પછી જ નવું બુકિંગ કરવાનું રહેશે તેવા નિયમોને કારણે સામાન્ય જનતામાં પણ ફફડાટ છે. જોકે, એજન્સીઓ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે ઘરેલું વપરાશના ગેસમાં પેનિક કરવાની જરૂર નથી, પરંતુ કોમર્શિયલ ક્ષેત્રે હાલમાં વેઈટ એન્ડ વોચની સ્થિતિ છે. હાલ તો ગાંધીનગરના વેપારીઓ સરકાર અને ગેસ કંપનીઓ સમક્ષ વહેલી તકે સપ્લાય પૂર્વવત કરવાની માંગ કરી રહ્યા છે, જેથી હજારો લોકોની રોજીરોટી પર સંકટ ન આવે. આ અંગે દર્શનભાઈ રામી, મારુતિ નંદન ભારત ગેસ એજન્સી માલિકે, ગેસ સિલિન્ડરની અછત બાબતે જણાવ્યું કે ડોમેસ્ટિક સિલેન્ડરના સપ્લાયમાં કોઈપણ પ્રકારના પેનિક કરવાની જરૂર નથી, તે સપ્લાય રેગ્યુલર મળી રહેશે. કોમર્શિયલ ગેસના બાટલા માટે કંપની તરફથી હાલ પૂરતું સપ્લાય બંધ કરવામાં આવેલ છે. આગળની કંપની તરફથી જે નિર્ણય લેવાશે તે ગ્રાહકોને અપડેટ આપતા રહીશું. હાલ પૂરતું કોમર્શિયલ બાટલાનું વેચાણ બંધ છે. સરકારના આદેશ પ્રમાણે ગ્રાહકોએ ૨૫ દિવસ પછી ગેસ બુકિંગ કરવાનું રહેશે. એના માટે ૨૫ દિવસ પછી જ બાટલાની ડિલિવરી મળશે. માટે એમાં પેનિક કરવાની જરૂર નથી અને સરકારના નિયમ મુજબ પહેલા ૨૧ દિવસમાં બાટલો બુક કરવામાં આવતો હતો, પણ સરકારના આદેશ મુજબ ૨૫ દિવસ પછી હવે બુકિંગ થશે. તો એ પ્રમાણે કરવા માટે ગ્રાહકોને નમ્ર વિનંતી છે.

# ૬૦ પાર અને ત્રણ ટર્મ વાળા નેતાઓની ટિકિટ કાપવાની તૈયારી

ગાંધીનગર

ગુજરાતમાં આવનારી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીને ધ્યાનમાં રાખીને રાજકીય માહોલ ગરમાયો છે. ચૂંટણી પંચ અને રાજ્ય સરકાર દ્વારા તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આ વખતે નવી રચાયેલી મહાનગરપાલિકાઓમાં પણ ચૂંટણી યોજાવાની હોવાથી રાજકીય પક્ષો અત્યારથી જ રણનીતિ ઘડી રહ્યા છે. ખાસ કરીને ભાજપે આ ચૂંટણીને લઈને મહત્વનો નિર્ણય લીધો છે. પાર્ટી આગામી ચૂંટણીમાં યુવા ચહેરાઓને વધુ તક આપવા તરફ આગળ વધી રહી છે.




ભાજપના સૂત્રો મુજબ, ત્રણથી વધુ ટર્મથી ચૂંટાતા નેતાઓને આ વખતે ટિકિટ આપવાનો મુદ્દો ફરી વિચારવામાં આવશે અને ૬૦ વર્ષથી વધુ વયના નેતાઓને પણ ટિકિટ મળવાની સંભાવના ઓછી માનવામાં આવી રહી છે. આ નિર્ણય અમલમાં આવે તો અનેક અનુભવી કોર્પોરેટરોની રાજકીય ઈનિંગ્સ પર વિરામ લાગી શકે છે. અમદાવાદ મહાનગરપાલિકામાં હાલ એવા લગભગ ૩૨ કોર્પોરેટરો છે, જેઓ ત્રણ ટર્મથી વધુ સમયથી ચૂંટાઈ રહ્યા છે અથવા ૬૦ વર્ષથી વધુ વયના છે, જેથી તેમની ટિકિટ પર સંકટ ઊભું થઈ શકે છે.

અમદાવાદમાં નારણપુરા, રાણીપ, સરદારનગર, સૈજપુર બોઘા, ઠક્કરબાપાનગર, શાહીબાગ, બાપુનગર અને ચાંદખેડા સહિતના વિસ્તારોમાં એવા ઘણા કાઉન્સિલરો છે જે ત્રણ ટર્મથી વધુ સમયથી રાજકારણમાં સક્રિય છે. જો ભાજપ આ માપદંડ કડક રીતે લાગુ કરે તો આ વિસ્તારોમાં નવા ચહેરાઓને તક મળવાની શક્યતા છે.

બીજી તરફ કોંગ્રેસ પણ યુવાનો પર દાવ લગાવવાની તૈયારીમાં છે. પક્ષ દ્વારા સંગઠન અને કાર્યક્રમોમાં સક્રિય રહેનારા કાર્યકરોને ઉમેદવારી આપવાની ચર્ચા ચાલી રહી છે. ઉપરાંત બદલાયેલા રાજકીય સમીકરણોને ધ્યાનમાં રાખીને કેટલાક વિસ્તારોમાં પરિવારજનોને પણ ટિકિટ આપવામાં આવી શકે છે. ખાસ કરીને અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં કોંગ્રેસ કોઈ આયાતી ઉમેદવાર ઉતારવાની શક્યતા પણ ચર્ચામાં છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી નજીક આવતા ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોમાં ઉમેદવારી માટે દોડધામ તેજ થઈ છે. જો ભાજપ યુવા નેતૃત્વને આગળ ધપાવવાનો નિર્ણય અમલમાં મૂકે તો આ ચૂંટણીમાં અનેક નવા ચહેરા જોવા મળી શકે છે અને શહેરની રાજનીતિમાં મોટો ફેરફાર પણ જોવા મળી શકે છે.

# અમેરિકાએ કહ્યું- ઈરાન પર સૌથી મોટા હુમલા થશે, અમને મારવાના ચક્કરમાં ક્યાંક તમે જ ખતમ ન થઈ જાઓ

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધનો આજે ૧૧મો દિવસ છે. આ દરમિયાન અમેરિકી સંરક્ષણ મંત્રી પીટ હેગસેથે કહ્યું છે કે મંગળવારે ઈરાન પર અત્યાર સુધીના સૌથી મોટા અને સૌથી તીવ્ર હુમલા કરવામાં આવશે. હેગસેથના મતે, આ હુમલામાં મોટી સંખ્યામાં ફાઈટર જેટ અને બોમ્બર વિમાનો સામેલ હશે. તેમણે દાવો કર્યો કે ઈરાનની સૈન્ય ક્ષમતાઓ નબળી પડી રહી છે અને તે ખરાબ રીતે હારી રહ્યું છે. બીજી તરફ, ઈરાને પણ વળતો જવાબ આપતા કહ્યું છે કે તે ધમકીઓથી ડરનારા નથી અને જે લોકો ઈરાનને ખતમ કરવાની વાત કરે છે, તેમણે પોતાના અંજામ વિશે વિચારી લેવું જોઈએ. ઈરાનની સર્વોચ્ચ રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના સચિવ અલી લારીજાનીએ કહ્યું કે ઈરાની લોકો અમેરિકાની ધમકીઓથી ડરતા નથી. લારીજાનીએ કહ્યું કે અગાઉ પણ ઘણા શક્તિશાળી લોકો ઈરાનને ખતમ કરવાની કોશિશ કરી ચૂક્યા છે, પરંતુ તેઓ સફળ થયા નથી. લારીજાનીએ ટ્રમ્પને ચેતવણી આપતા કહ્યું કે જે લોકો ઈરાનને મિટાવવાની વાત કરી રહ્યા છે, તેમણે સાવધાન રહેવું જોઈએ, ક્યાંક એવું ન થાય કે ઈરાનને મારવાના ચક્કરમાં તેઓ પોતે જ ખતમ થઈ જાય.

ઈઝરાયલે દક્ષિણ લેબનનના ચાર કસબાઓના લોકોને તાત્કાલિક તેમના ઘર ખાલી કરવાનો આદેશ આપ્યો છે. ઈઝરાયલી સેનાએ કહ્યું કે નબાતિએહ પ્રાંતના અર્નોન, યોહમોર, અલ-શર્કિયાહ અને જૌતર અલ-ઘરબિયાહના રહેવાસીઓએ તરત જ ઉત્તર દિશા તરફ જતા રહેવું જોઈએ, કારણ કે આ વિસ્તારમાં સૈન્ય કાર્યવાહી કરવામાં આવી શકે છે. લેબનનથી છોડવામાં આવેલા રોકેટ સેન્ટ્રલ ઈઝરાયલના અનેક વિસ્તારોમાં પડવાથી ઘણા લોકો ઘાયલ થયા છે. ઈઝરાયલી સેનાના જણાવ્યા અનુસાર, મોટાભાગના રોકેટને એર ડિફેન્સ સિસ્ટમે હવામાં જ તોડી પાડ્યા હતા, પરંતુ બે રોકેટ અલગ-અલગ સ્થળોએ પડ્યા હતા. 'ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સ' (ૈંડ્ઢહ્લ) એ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર જણાવ્યું હતું કે લેબનન તરફથી અનેક રોકેટ છોડવામાં આવ્યા હતા. સેનાના જણાવ્યા મુજબ, તેમાંથી મોટાભાગનાને રક્ષા પ્રણાલીએ રોકી લીધા હતા, પરંતુ બે પ્રોજેક્ટાઈલ સમયસર ઈન્ટરસેપ્ટ કરી શકાયા ન હતા અને તે જમીન પર પડ્યા હતા. હુમલામાં કેટલાક લોકોને સામાન્ય ઈજાઓ થઈ છે. ઈઝરાયલના 'હોમ ફ્રન્ટ કમાન્ડ' અને 'એર ફોર્સ'ની સંયુક્ત તપાસમાં જાણવા મળ્યું છે કે રોકેટની જાણકારી તો મળી ગઈ હતી, પરંતુ ટેકનિકલ કારણોસર તેને સમયસર રોકવામાં વિલંબ થયો હતો.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (ઉૐં) એ ઈરાનમાં ઝેરી 'બ્લેક રેઈન'ને લઈને ચેતવણી જાહેર કરી છે. સંગઠન અનુસાર, ઓઈલના ઠેકાણાઓ પર હુમલા થયા બાદ હવામાં ઝેરી રસાયણો ફેલાઈ ગયા છે, જેના કારણે તેલયુક્ત વરસાદ પડી રહ્યો છે અને તેનાથી લોકોમાં શ્વાસ સંબંધિત બીમારીઓનું જોખમ વધી શકે છે.ઉૐં એ કહ્યું કે હુમલા બાદ હવામાં ટોક્સિક હાઈડ્રોકાર્બન, સલ્ફર ઓક્સાઈડ અને નાઈટ્રોજન સંયોજનો ફેલાઈ ગયા છે. તેનાથી લોકોને શ્વાસ લેવામાં તકલીફ, માથાનો દુખાવો, આંખો અને ત્વચામાં બળતરા જેવી સમસ્યાઓ થઈ શકે છે. લાંબા સમય સુધી આવા પ્રદૂષણના સંપર્કમાં રહેવાથી કેન્સરનું જોખમ પણ વધી શકે છે. ઉૐં એ લોકોને ઘરોની અંદર રહેવાની અને પ્રદૂષણથી બચવા માટે સાવચેતી રાખવાની સલાહ આપી છે.

ડેનમાર્કે ઈરાનની રાજધાની તેહરાનમાં આવેલું પોતાનું દૂતાવાસ કામચલાઉ ધોરણે બંધ કરી દીધું છે. ડેનમાર્કના વિદેશ મંત્રી લાર્સ લોકે રાસુમસેને જણાવ્યું છે કે વર્તમાન સુરક્ષા પરિસ્થિતિ એટલી તણાવપૂર્ણ બની ગઈ છે કે દૂતાવાસને ખુલ્લું રાખવું શક્ય નથી. રાસુમસેને પત્રકારોને કહ્યું કે વધતા સુરક્ષા જોખમોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે એમ પણ કહ્યું કે ડેનમાર્કનું આ પગલું અન્ય ઘણા યુરોપિયન દેશોના નિર્ણયોને અનુરૂપ છે, જેમણે આ વિસ્તારમાં વધતા તણાવ વચ્ચે પોતાના રાજદ્વારી મિશનની સુરક્ષા પર પુનર્વિચાર કર્યો છે. યુક્રેન આ અઠવાડિયે તેના સૈન્ય નિષ્ણાતોને કતાર, સંયુક્ત આરબ અમીરાત અને સાઉદી અરેબિયા મોકલશે. યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ કહ્યું કે આ નિષ્ણાતો ઈરાની ડ્રોનનો સામનો કરવાની રીતો વિશે આ દેશોને સલાહ આપશે. યુક્રેનને ઈરાનમાં બનેલા 'શહીદ' ડ્રોન સાથે લડવાનો લાંબો અનુભવ છે. રશિયાએ યુક્રેન વિરુદ્ધ ચાલી રહેલા ચાર વર્ષના યુદ્ધમાં આ ડ્રોનનો વ્યાપક ઉપયોગ કર્યો છે. આ જ અનુભવના આધારે યુક્રેન હવે અખાતી દેશો સાથે તેની સૈન્ય વિશેષજ્ઞતા શેર કરશે. અમેરિકાના વિશેષ દૂત સ્ટીવ વિટકૉફ આવતા અઠવાડિયે ઈઝરાયલની મુલાકાત લઈ શકે છે. ઝ્રદ્ગમ્ઝ્ર ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યુમાં વિટકૉફે કહ્યું કે આ મુલાકાત દરમિયાન ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધની રણનીતિ પર ચર્ચા થઈ શકે છે. વિટકૉફના મતે, રશિયાએ અમેરિકાના સૈન્ય ઠેકાણાઓની ગુપ્ત માહિતી ઈરાન સાથે શેર કરવાનો ઈનકાર કર્યો છે. આ ઈનકાર રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ફોન પર વાતચીત દરમિયાન કર્યો હતો.

કતારે મધ્ય-પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે તમામ પક્ષોને હુમલા રોકવા અને વહેલી તકે રાજદ્વારી વાતચીત શરૂ કરવાની અપીલ કરી છે. કતારના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માજિદ અલ-અન્સારીએ પ્રેસ બ્રીફિંગમાં જણાવ્યું હતું કે તેમનો દેશ તણાવ ઘટાડવા અને પ્રાદેશિક સ્થિરતા પુનઃસ્થાપિત કરવા માટેના તમામ રાજદ્વારી પ્રયાસોને સમર્થન આપે છે. તેમણે કહ્યું કે હુમલા રોકીને વહેલી તકે વાતચીતની ટેબલ પર પાછા ફરવું એ આ વિસ્તારના લોકોના હિતમાં રહેશે. તેનાથી આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષાની સાથે સાથે વૈશ્વિક આર્થિક સ્થિરતાને પણ મજબૂતી મળશે. જોકે, તેમણે એમ પણ કહ્યું કે જ્યાં સુધી કતાર પર દરરોજ હુમલા થઈ રહ્યા છે, ત્યાં સુધી તેની પ્રાથમિકતા આ હુમલાઓથી બચાવ કરવાનો અને તેનો જવાબ આપવાનો છે. કતારે કહ્યું છે કે તેમની સેના ઈરાન તરફથી થઈ રહેલા હુમલાઓને નિષ્ફળ બનાવી રહી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા માજિદ અલ-અન્સારીએ જણાવ્યું કે ઈરાન તરફથી સતત હુમલાના પ્રયાસો થઈ રહ્યા છે, પરંતુ અત્યાર સુધી કોઈ મોટા નુકસાનના સમાચાર નથી. માજિદે પ્રેસ બ્રીફિંગમાં કહ્યું કે કતારના વિસ્તારમાં ઈરાન તરફથી હુમલાના પ્રયાસો સતત ચાલુ છે. તેમણે જણાવ્યું કે કોઈ પણ હુમલામાં એવા મહત્વના નાગરિક માળખાગત સુવિધાઓને નુકસાન થયું નથી, જેના પર સામાન્ય લોકોનું જીવન નિર્ભર છે. સુરક્ષા એજન્સીઓ સતત પરિસ્થિતિ પર નજર રાખી રહી છે. ઈરાનનો દાવો છે કે તેણે હાઈફામાં એક ઓઈલ રિફાઈનરી અને ઉર્જા સંગ્રહ યુનિટ પર હુમલો કર્યો હતો, જેમાં ઈઝરાયલના ઉર્જા માળખાને નિશાન બનાવવામાં આવ્યું હતું. ઈરાનના ખાતમ અલ-અંબિયાહ સશસ્ત્ર દળોના મુખ્યાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે આ હુમલો તાજેતરના હુમલાઓના નવા તબક્કાનો ભાગ હતો.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**N. O. G. S. S. No. 0102.**
વિષય :-એઆઇ અને માનવીય ભાવનાઓનું ભવિષ્ય.
પ્રકાર:- ગદ્ય. શબ્દ:-૩૦૦.

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સન એટલે કે કૃત્રિમ બુદ્ધિમત્તા નો ઉપયોગ કરી અને આજે માનવીએ દરેક ક્ષેત્રમાં ખૂબ પ્રગતિ કરી છે. કૃત્રિમ બુદ્ધિમત્તાનો ઉપયોગ કરી અને માનવીએ આજે અનેક પ્રકારના યાંત્રિક સાધનો બનાવ્યા છે. સ્થળ કાળ અને સમયના સીમાડાવો ઓળંગાયા છે. દરેક કામ ખૂબ જ ઝડપથી, ચોક્કસ અને સચોટ રીતે આ યંત્રો સામાન્ય માનવી ન કરી શકે તેના કરતાં પણ વધારે ઝડપે ઉત્પાદન વધારો કરે છે.

આજના જમાનામાં વાહન વ્યવહાર ,સંદેશા, ઇલેક્ટ્રોનિક મીડિયા, યંત્રો, ઉદ્યોગો ,કારખાનાઓ વગેરેમાં એ આઈ નો મોટા પ્રમાણમાં ઉપયોગ થઈ રહ્યો છે અને તેને કારણે દેશને લાભ પણ મળી રહ્યા છે. વધુ ઝડપ ,વધુ ઉત્પાદન કામમાં વધુ ચોકસાઈને કારણે આ કૃત્રિમ બુદ્ધિમત્તા ના સાધનો લોકપ્રિય બન્યા છે.

દરેક સંશોધનની પછવાડે લાભ અને ગેરલાભ બંને હોય છે. કૃત્રિમ બુદ્ધિમત્તાના ઘણા બધા લાભો હોવા છતાં પણ પરિસ્થિતિ એ આવીને ઊભી રહેશે કે વધારે પડતા જટિલ યંત્રોનો ઉપયોગ કરી અને માનવની ક્ષમતા ઘટી જશે . લોકો પોતાની બુદ્ધિનો ઉપયોગ નહીં કરે. રોજગારી નહીં મળે. બેકારી વધી જશે, લોકો ભૂખે મરવાના છે, શારીરિક શ્રમનો ઘટાડો થતાં લોકો આળસુ એદી અને સ્થૂળકાઈ બનશે. તેનું આરોગ્ય જોખમાસે .અને એ આઈને કારણે ઝડપથી ઉત્પન્ન થતી જે સંપત્તિ છે એ સંપત્તિનો સદુપયોગ કરવાની બદલે કેટલાક લોકો ગેરઉપયોગ કરશે. અને સમાજમાં અનાચારો ફેલાશે, અસત્ય બોલવું, દગાબાજી, ઝઘડા, બળાત્કાર, જેવી પ્રવૃત્તિઓ વધશે. પૈસા વધતા સમાજમાં સામાજિક અને સાંસારિક બંધનો ધીરે ધીરે તૂટતા જશે. દયા, માયા ,મમતા, કરુણા, પ્રેમ ધર્મ વગેરે લાગણીઓ ઘટી જશે. લોકો વધુ સ્વાર્થી બનશે લાગણી જેવી કોઈ વસ્તુ રહેશે નહીં. આમ કેટલાક ફાયદા સાથે ગેરફાયદા છે . માટે જો તેને સમજીને ઉપયોગ કરવામાં આવે તો લોકો માટે ઉજણુ ભવિષ્ય છે, એક વરદાન પુરવાર થશે.

રતીલાલ વાયડા (રોડપાલી. નવી મુંબઈ.)

★★★★★★

**NOG SS NO : 334**
વિષય :-"એઆઈ અને માનવીય ભાવનાઓનું ભવિષ્ય"
શીર્ષક :- આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના લેખાંજોખાં
પ્રકાર. :-પદ્ય શબ્દો:- ૬૦

પ્રગતિનું ધ્યોતક છે,
આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ.
તત્કાલ નિર્ણયો કરનારું છે,
આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ.

સારા સાથે માઠું કરનારું છે,
આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ.
આંતકવાદીઓને પોષનારું છે,
આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ.

નકલ કરવામાં માહિર છે,
આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ.
માનવતાનું ખૂન કરનારું છે,
આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ.

રોજગારની કમર તોડનારું છે,
આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ.
માનવજીવન જોખમી કરનારું છે,
આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ.

વિચારકને પ્રમાદી બનાવનારું છે,
આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ.
મગજને તાળાં મારનારું છે,
આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ.

મહેશભાઈ રાઠોડ 'સ્નેહદીપ' (હિંમતનગર)

★★★★★★

**NOG SS no 387**
વિષય:એ.આઈ.અને માનવીય ભાવનાઓનું ભવિષ્ય.
શિષૅક:"માનવીય ભાવનાઓ (લાગણીઓ) ને પડકાર"
પ્રકાર: ગદ્ય, શબ્દો:૧૭૮

૨૧મી સદીને ટેક્નોલોજી નો યુગ કહેવામાં આવે છે.આપણી રોજબરોજ ની જિંદગી માં શ્ર્વાસ પછી તરત નું સ્થાન -મોબાઈલ, કોમ્પ્યુટર અને હવે છૈં જેવા વિવિધ ટેકનોલોજી ના સાધનો નું છે.આપણે તેના હેવાયા થઈ ગયાં છીએ તે સૌ એ સ્વીકારવું જ રહ્યું .

એ.આઈ.એટલે આર્ટિફિશયલ ઈન્ટેલિજન્સ.
તેની બોલબાલા હાલ દરેક ક્ષેત્રમાં ખૂબ જ વધી ગઈ છે.જેની કૃત્રિમ બુદ્ધિ થી દરેક અધરા અને જટિલ કાર્યો પળવારમાં સહજ બન્યા છે.દરેક વૈજ્ઞાનિક આવિષ્કાર ના લાભ હોય છે, તેમ તેના ગેરલાભો પણ છે જ.

જેમ કે માનવીય લાગણી, ભાવના ઓ નું કોઈ મૂલ્ય જ નહીં રહે.માનવીય વિચાર શક્તિ,માનવ સંવેદનશીલતા, સર્જનાત્મકતા નહીં રહે. બેરોજગારી વધી શકે છે.કારણ કે ૧૦ માણસો નું કામ એક મશીને એક ચાંપ દાબતા તરતજ કરી લીધુ!.માહિતી ની જરૂરી ચકાસણી કરવી જ પડશે. કૃત્રિમ બુદ્ધિ પર ?? ભરોસો ન રાખી શકાય અંતિમ નિર્ણય માનવીય સમજ અને વિવેક આધારિત હોય તો સંભવિત ખતરાઓથી બચી શકાય છે.

અખબાર થી મળેલ ન્યુઝ મુજબ -"એ.આઈ ની મદદથી ગુજરાતી ફિલ્મ ઈસ્કોન બ્રિજ બની ને ટૂંક સમયમાં રિલીઝ થશે."

પુનિતા બેન -અમદાવાદ.

★★★★★★

**NOG NO. 0059**
વિષય એઆઈ અને
માનવીય ભાવનાનું ભવિષ્ય ?
પધ્ય : કવિતા
શિર્ષક: છે પડકારો !
શબ્દો ૯૨.

જ્યાં હોય પ્રગતિ ત્યાં જરૂર ઊગે રોજ નવા પડકારો

પડકારો જ છે નિત નવીં નવી શોધોને જન્મ માટે પ્રેરનારો

છે સદિયોથી માનવ છે રોજ નિતનવી શોધ કરનારો

એઆઈ હોયકે અન્ય કંઈ ,માનવજ બધા સામે બાંથ ભરનારો

રાજ કરતાં મોગલો- અંગ્રેજો ને છે હિન્દુ ભગાડનારો

જ્યારે લગાડે છે કોઈ આગ સમયે પ્યારે હાજર હોયછે ઠારનારો

રાખ ભરોશો નીજપર
પ્યારે આવેછે સમયે,સમય સૂધારનારો

જયકાન્ત ઘેલાણી
'પ્યારે'.
બોરીવલી- મુંબઈ..

★★★★★★

**NOG SS NO.371**
વિષય એ.આઈ.અને માનવીય ભાવનાનું ભવિષ્ય ?
શિર્ષક: અકલ્પનીય વાસ્તવિકતા
પ્રકાર:- અછાંદસ
શબ્દો:- ૧૨૨

જ્યારથી એ.આઈનું પર્દાપણ થયું છે ન પૂછો વાત શું થાય છે,
નીતનવા રીલો અને ખબર નહી શું શું એ આઈ પર.બનાવાય છે.

લોકોની લાગણીઓન જાણે કે એક મજાકની બાબત બની ગઈ છે,
જેને જુઓ તે મનફાવે તેવા વિડીયો બનાવેને વાઈરલ થઇ જાય છે.

ટેકનોલોજીનો જમાનો છે માન્યું એન ભૂલાય માણસ જીવંત પ્રાણી છે,
ખબર નહી કેમ યંત્રમાનવ અને જીવંતમાનવની તુલનાઓ થાય છે.

હવે જેને જુઓ તે માત્ર એ.આઈની પાછળ સાવ પાગલ બની ફરે છે,
માનવીય ભાવનાઓની અવહેલના કરીને ટેકનોલોજીની પૂજા થાય છે.

ટેકનોલોજીનો વિરોધ નથી પરંતુ વિવેકપૂર્ણ ઉપયોગ થાય તે જરૂરી છે,
ભવિષ્યમાં વ્યક્તિનું સ્થાન એ.આઈ લઇ લેશે એ સંભાવના સો ટકા છે.

કહે ચાંદની શાનમાં સમજી જાઓ તો સારું નહીતો બરબાદી નિશ્ચિત છે,
માનવીય ભાવનાઓની બલિ ચડશે એ અકલ્પનીય વાસ્તવિકતા છે.
ડૉ ભાવના એન જોષી '' ચાંદની '' વડોદરા

# Osaka's Namba District Marked by 100th Youth-Led Cleanup Milestone




On March 7th, more than 150 volunteers gathered around Namba Station and Dotonbori —a renowned entertainment district in Osaka, Japan— for the "100th Environmental Cleanup Volunteer Activity," organized by the International Peace Youth Group (IPYG) and the Kobe Branch of Heavenly Culture, World Peace, Restoration of Light (HWPL). Since its inception in July 2022, the group has operated twice a month, reaching the milestone of 100 sessions in less than four years.""HWPL, an international peace NGO with Special Consultative Status at the UN Economic and Social Council (ECOSOC), carries out various global peace projects including peace education, interfaith dialogue, and youth network development. As an affiliated organization, IPYG serves as a global network where youth unite to advocate for the cessation of war and the promotion of a culture of peace.""Beyond environmental maintenance, the initiative also addresses long-standing systemic issues within the local community. Following the 1995 Tokyo subway sarin gas attack, Japan significantly reduced the number of public trash cans as an anti-terrorism measure. Over time, the reduced number of bins has contributed to issues such as illegal dumping and urban safety concerns.""Recognizing this social context, IPYG members launched their service to demonstrate the value of coexistence through environmental action. The activity has also become a platform for local residents and young people to interact, fostering communication and a sense of community.""What began as a small-scale initiative has gradually grown, now attracting more than 100 voluntary youth participants on a regular basis. This four-year commitment has become a focal point, uniting fragmented urban youth under a shared value."
"One participant, Ms. Nohara, reflected on the 100-session journey: "In the early days, low participation made covering such a vast area physically overwhelming," she recalled. "However, by enduring those challenges together, we now have 100 dependable colleagues who embolden one another. Notably, friends who cannot attend in person share photos of themselves collecting trash in their own neighborhoods. Although physically distant, I feel a profound sense of unity, knowing we are connected by a shared mission to brighten the world." She added that seeing the streets cleaned provides a sense of pride and a feeling of being a contributing member of society."""The consistent efforts of these young volunteers have garnered positive feedback from local residents. One citizen expressed their support, stating, "Watching young people dedicate their time over several years to shoulder the concerns of our community gives me a glimpse of new hope for Osaka.""""Building on the momentum of this 100th milestone, the HWPL Kobe Branch plans to secure broader public support and expand the scope of public-citizen collaboration. Based on their proven track record of consistency, the organization intends to strengthen organic cooperation with local governments, including Osaka City. The goal is to establish youth-led volunteerism as an official model for civic action within the regional community.

# આશીર્વાદ આપવાના અભિયાનનો કરૂણાંત !

શિયાળાની સવારનો સમય. એમાં પણ રવિવાર.માનો કે આળસ કરવા માટે ફુરસદનો ઢાળ મળી ગયો.કોફી મગમાં ભરેલી ચાની ચુસ્કી લેતાં છાપાનો કસ કાઢી રહ્યો હતો.

એવામાં એક બાર તેર વરસની મીઠડી નદીની જેમ ધસમસતી વહી આવી. હું કાંઈ સમજુ વિચારૂં તે પહેલા વાંકી વળી ને પગે લાગી. બધું કલ્પનાતીત . કિં કર્તવ્યમૂઢ જેવો . શું કહેવું કરવું ગતાગમ ન પડે. પહેલા એવું લાગ્યું કે કાંઈક ભૂલ થઈ હશે તેની માફી માંગવા આવી હશે. હું વધુ ગુસ્સો ના કરૂં એટલે પગે પડીને માફી માગવા આવી હશે,આમને આમ મીઠડી પગે લાગવાની મુદ્રામાં ઊભી રહી. પછી બોલી કે આશીર્વાદ આપો.આજે મારો જન્મદિવસ છે.

હજી હેરડાઈ કર્યા વિના માથાના વાળ કુદરતી કાળા. કપડાં પણ કોલેજીયન સ્ટાઈલના ને ફેશનેબલ. કયા એંગલથી વડીલ. મનમાં ચચરાટ પણ થાય. તમારામાંથી ઘણા આમાંથી પસાર થયા હશે કે હવે થશો. તન ઊમરના કારણે ઘરડું થાય પણ મન મર્કટ વૃદ્ધાવસ્થાને જડમૂળથી નકારે.ખલાસ .હું આશીર્વાદ આપવા જેવો જૈફ થઈ ગયો.!

આપણને આશીર્વાદ આપવાનો કોઈ ખાસ અનુભવ નહી.અધૂરામાં આપણે કોઈને આશીર્વાદ દેતાં સાભળેલા કે જોયેલા નહી. આ ફિલ્ડ વણ ખેડેલું. સરકારે કોઈ કોલેજ કે યુનિવર્સિટીમાં ડિગ્રી કે ડીપ્લોમા કોર્ષ શરૂ કરેલા નહી. આના કોઈ કોચીગ કલાલ ચાલે નહી. મુખ્યમંત્રી કે પ્રધાનમંત્રી આશીર્વાદ સહાય યોજના પણ અમલમાં મુકેલી નહી.સાત સ્ટેપ આશીર્વાદના એવું પણ ઉપલબ્ધ નહી. ડેલ કાર્નેગી કે ગુર્જીયેફે પણ આ અંગે કોઈ બુક નથી લખી. ઓશોએ આશિષ મેરી નજરને મેં જેવું વ્યાખ્યાન આપેલું નથી .આટઆટલા વેદ,પુરાણો ઉપનિષદમાં આશીર્વાદ સંહિતા જેવું બહુમૂલ્ય સાહિત્ય નથી એ આપણું કારુણ્ય નથી તો શું છે?

અંગ્રેજી પુસ્તકોના ગુજરાતી તરજુમા કરીને ગલીછાપ મોટીવેશનલ સ્પીકરોએ કોઈ કલાસ શરૂ કર્યા નથી. કોઈ ઈનોવેશન સ્ટાર્ટઅપ શરૂં કરતા નથી. નવી શિક્ષણનીતિ હેઠળ નર્સરી લઈને પીએચડી કોર્ષ દાખલ કરવાની તાતી જરૂરત છે.કોઈ સેલ્ફ ફાયનાન્સ યુનિવર્સિટી શરૂં કરવી જોઈએ . ડીસ્ટન્સ કે ઓનલાઈન કોર્ષ શરૂ કરવો જોઈએ.

હું તો એવો મુંઝાણો કે વાત ન પુછો.અર્જુનને આવી સમસ્યાનો સામનો કરવાનો હોત તો ગીતાજીનું રેડીમેઈડ ગાઈડન્સ મળી જાય. તુલસીદાસ કબીર રહીમ મીરા કે તુંકારામ જ્ઞાનેશ્વર શૈલી કીટ્સ,મિલ્ટનપણ મૌન છે.

ભરત મુની નાટયકલા વિશે લખી ગયા છે તો આશીર્વાદ માટે લખતાં શું જોર પડતું હતું? આશીર્વાદ આપતી સમયે હાથની કેટલા ખૂણે મુદ્રા કરવી, મુખની રેખા તંગ રાખવી કે પ્રસન્ન રાખવી ,અવાજનો ટોન કેવો રાખવો. હથેળી વાળ પર મુકવી, તેલ વાળા વાળ હોય તો હથેળી વાળથી ઊંચી રાખવી કે હથેળી તેલવાળી થાય તો લૂંછવા શું કરવું તેના વિશે ચિંતન કરવું જ રહ્યું કે નહી,બોલો!

સરવાળે મેં ધ્રુજતો હાથ તેના માથા પર હાથ મુકાયો.કૂવામાંથી પાણી કાઢતી સમયે ડોલ કૂવામાં અથડાય અને ધ્રુજારી ભર્યો અવાજ આવે તેવા અવાજે કહ્યું કે ગોડ બ્લેસ યુ!!

પેલી મીઠડી નારાજ થઈ ગઈ ભગવાન ભલું કરવાના હોય તો તમને પગે લાગવાનો શો મતલબ છે?મીઠડી પગ પછાડતી જતી રહી. આમ, અમારા પહેલા ને છેલ્લા આશીર્વાદ અભિયાનનો કરુણાંત આવ્યો.

ભરત વૈષ્ણવ

# તા-૧૫/૦૩/૨૬ રવિવારના રોજ શૈક્ષિક મહાસંઘ - ભાવનગર , માધ્યમિક સંવર્ગની કારોબારી બેઠક મળશે




તા- ૧૫/૦૩/૨૬ રવિવારના રોજ સવારે ૧૦ કલાકે ભાવનગર શૈક્ષિક મહાસંઘ- ભાવનગર માધ્યમિક સંવર્ગની કારોબારી બેઠક કે.પી.ઇ.એસ.ઈંગ્લીશ સ્કૂલ , લીલા સર્કલ પાસે , કાળિયાબીડ , ભાવનગર ખાતે મળશે.જેમાં આગામી કાર્યકમો જેવા કે વર્ષ પ્રતિપદા દિવસ , માતૃશક્તિ વંદના કાર્યકમ , વાર્ષિક સદસ્યતા યોજના , સંઘ શતાબ્દી વર્ષની ઉજવણી , કર્મચારીઓના પ્રશ્નો બાબતે ચર્ચાઓ થશે .જેનું માર્ગદર્શન ભાવનગર વિભાગ સરસંઘ ચાલક ડો.તુષારભાઈ ત્રિવેદીનું માર્ગદર્શન મળશે.જેમાં અપેક્ષિત કારોબારી સદસ્યો ઉપસ્થિત રહેશે



તા.૧૯-૩-૨૦૨૬ ગુરુવારે બપોરે ૩-૦૦થી ૫-૩૦ દરમ્યાન ચૈત્ર નવરાત્રી નિમિત્તે ગાયત્રી ચાલીસાનું સમૂહ અનુષ્ઠાન અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વારની પ્રરેણા-માર્ગ દર્શન આશીર્વાદ સંરક્ષણમાં વિશ્વ કલ્યાણાર્થે પર્યાવરણ શુદ્ધિકરણાર્થે ગાયત્રી પરિવાર નારણપુરાની બહેનો દ્વારા સમૂહમાં ગાયત્રી ચાલીસા પાઠ,ગાયત્રી મંત્ર-મહામૃત્યુંજય મંત્ર,ભજન-સંગીત,આરતી,પ્રાર્થના સહિત ૯ દિવસ સુધી દરરોજ બપોરે નારણપુરા અંકુર રોડ ઉપર આવેલ ૭,માતૃ મિલન સોસાયટી યોગીનીબેન હિતેશભાઈ સોનીના નિવાસ સ્થાને થશે જેની પૂર્ણાહુતિ છેલ્લા દિવસે તા.૨૭-૩-૨૦૨૭ શુક્રવારે ગાયત્રીયજ્ઞ દ્વારા થશે.

# પવિત્ર રમજાન માસનો ત્રીજો દસકો શરૂ થઈ ગયો છે. આ માસમા રોજા જકાત અને દાનનું અનેરું મહત્વ


પવિત્ર રમજાન માસનો ત્રીજો દસકો શરૂ થઈ ગયો છે. આ માસમા રોજા જકાત અને દાનનું અનેરું મહત્વ છે. રોજા માત્ર ભુખ્યા અને પ્યાસા રહેવાનું નામ નથી. શરીરના દરેક અંગોને રોજા કરાવવાના છે એટલે આંખ કાન નાક મોં તમામ અંગોને કાબુમા રાખવાના છે સંયમથી સબરથી કામ લેવાનું ચછે. તનથી સાથે મનને પણ શુદ્ધ પવિત્ર કરવાનું છે.

તમે જે ૧૦૦ રૂપિયા કમાઈ લો છો એની ઉપર અઢી ટકા એટલે કે ૧૦૦ રૂપિયાની કમાણી પર અઢી રૂપિયા તેમને જકાત કાઢવાની છે. ઈસ્લામના આ નિયમને જો આપણે બરાબર અનુકરણ કરીએ તો સમાજમાં કોઈ ગરીબ ના રહે. જકાત જો આપણે બરાબર કાઢીએ તો સારા એવા પૈસા આપણે ગરીબો અને જરૂરિયાતમંદોને આપી શકીએ છે.

સુરતમાં હવે તો ઠેકઠેકાણે રમજાન બજાર ભરાઈ છે. જેમ કે મીઠી ખાડી સગરામપુરા તલાવડી સલાબતપુરા મુર્ગવાન ટેકરો ઝાંપાબજાર રડી ચોક બજારના બજારો મુખ્ય છે. રમજાન માસમાં એક અનેરી રોનક ચમક આવી જાય છે.

રમજાન માસના બજારોમાં તમને ચિકન મટનની સેકંડો વાનગીઓ જોવા મળે છે. અવનવી વેરાયટીઓ માં કુલ્ફી પણ મળી રહે છે બુટ ચપ્પલ કટલરી રેડીમેડ કપડા સહિતની ઘરવખરી પણ મળી રહે છે. લોકો ખાસ પરાઠા ખાવા આવે છે ચિકન મટનના પરાઠાનો ટેસ્ટ લાજવાબ હોય છે સુરતના રમજાન બજારોમાં આખા દક્ષિણ ગુજરાતમાંથી તમામ ધર્મ સંપ્રદાયના લોકો ખરીદી કરવા અને ખાણીપીણીની મિજબાની કરવા આવે છે .

આ રમજાન માસમાં લાખો લોકોને રોજગારી મળે છે. મટન મરઘીના વેપારીઓ ઇંડાના વેપારીઓ શાકભાજી વેચનારાઓ



મરી મસાલા વેચનારાઓ કરિયાણા અને ડ્રાયફૂટના વેપારીઓ કુલ્ફી સરબત આઈસક્રીમના વેપારમાં પણ તેજી આવે છે આમાં લાખો લોકો સંકળાયેલા છે. નાના મોટા તમામ આ માસમા કમાઈ લે છે.

સમોસા કટલેસ ટિક્કા વેચનારા લારીવાલા પણ સારો એવો વેપાર કરી લે છે. સાફસફાઈ લાઈટિંગ કારીગરો રસોઈ બનાવનાર ભઠીયારા મહારાજ સહિત બધાને કામ મળી રહે છે . આ માસમા કરોડો રૂપિયાનું ટનઓવર થાય છે નાના મોટા લાખો લોકોને રોજગારી મળે છે.

આ મહિનામાં રોજા નમાજ જકાત દાન ફરજિયાત છે. આ મહિનામાં ઈબાદત પ્રાર્થના કરનારને અનેક ઘણું પુણ્ય સવાબ મળે છે. રમજાન માસ હિજરી સનનો નવમો માસ છે.આખા મહિનો રોજા રાખનારને ૩૦ દિવસના રોજા પછી કુદરત તરફથી ઈદ ભેટમાં મળે છે . ઈદ હસીખુશી એકતા ભાઈચારો આનંદ ઉલ્લાસ ઉમંગનો તહેવાર છે.અબ્બાસભાઈ સીરાજભાઈ કૌકાવાલા

# વઘઈ તાલુકા પંચાયતમાં ગરીબોના વિકાસ બદલે પ્રમુખના આંગણે વિકાસ? પેવર બ્લોક અને જાહેર શૌચાલય મુદ્દે સવાલો ઉઠ્યા




વઘઈ. : ડાંગ જિલ્લાના વઘઈ તાલુકા પંચાયત વિસ્તારમાં ગરીબ અને આદિવાસી પરિવારોના વિકાસના બદલે સત્તા પર બેસેલા લોકોના વ્યક્તિગત વિકાસના આક્ષેપો ઉઠતા જોવા મળી રહ્યા છે. ખાસ કરીને વઘઈ તાલુકા પંચાયતના હાલના પ્રમુખ ચંદર ગાવિત સામે ગ્રામજનોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી મુજબ વઘઈ તાલુકા પંચાયત પ્રમુખના નિવાસસ્થાન પાસે પેવર બ્લોકની કામગીરી કરવામાં આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જ્યારે અનેક ગામોમાં હજુ પણ રસ્તા, પાણી અને મૂળભૂત સુવિધાઓનો અભાવ છે ત્યારે આ પ્રકારની કામગીરીને લઈ લોકોમાં સવાલો ઉઠી રહ્યા છે.

આ ઉપરાંત ગામ લોકોને ફાળવવામાં આવતું જાહેર શૌચાલય પણ ગામમાં બનાવવાના બદલે પ્રમુખના આંગણે બનાવવામાં આવ્યું હોવાના આક્ષેપો સામે આવ્યા છે. જેના કારણે સરકારી યોજનાઓનો લાભ ખરેખર જરૂરિયાતમંદ લોકોને મળે છે કે નહીં તે અંગે ચર્ચા શરૂ થઈ છે.

સ્થાનિક લોકો કહે છે કે જાહેર મીટિંગો અને સભાઓમાં વિકાસની મોટી મોટી વાતો કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિક વિકાસ ગામોમાં નહીં પરંતુ પ્રમુખના આંગણે જ દેખાઈ રહ્યો છે.

હવે લોકો માંગ કરી રહ્યા છે કે સમગ્ર મામલે સંબંધિત તંત્ર દ્વારા નિષ્પક્ષ તપાસ કરવામાં આવે અને જો કોઈ ગેરરીતિ સામે આવે તો જવાબદાર સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવે.

# નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ધ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી

ગાંધીનગરના સેક્ટર-૨૩ ખાતે ગુજરાત કાઉન્સિલ ઑન સાયન્સ એન્ડ ટેકનોલોજી – ૅેંત્તર્ઝજી, પ્રેરિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ધ્વારા ૮ માર્ચ ૨૦૨૬ ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ નિસર્ગ મહિલા વિજ્ઞાન ક્લબના આયોજન હેઠળ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (દ્વફ્લજેં), ગાંધીનગરના સ્કૂલ ઑફ બિહેવિયરલ ફોરેન્સિક્સની એસોસિયેટ પ્રોફેસર ડૉ. પ્રિયંકા કક્કર ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ડીપ્રેશન અને માનસિક સ્વાસ્થ્ય



જાગૃતિ વિષય પર ખૂબ જ માહિતીસભર અને પ્રેરણાદાયી વ્યાખ્યાન આપ્યું હતું.

તેમણે પોતાના પ્રવચનમાં ડીપ્રેશન શું છે, તેના કારણો શું હોઈ શકે, તેમજ તેમાંથી બહાર આવવા માટેના ઉપાયો વિશે સરળ અને વૈજ્ઞાનિક રીતે સમજણ આપી હતી. ખાસ કરીને મહિલાઓમાં માનસિક તણાવ, પરિવાર અને સમાજની જવાબદારીઓ વચ્ચે સંતુલન કેવી રીતે રાખવું અને સકારાત્મક વિચારસરણી દ્વારા માનસિક સ્વાસ્થ્ય કેવી રીતે મજબૂત બનાવી શકાય તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમમાં નિસર્ગ મહિલા વિજ્ઞાન ક્લબની સભ્યાઓ, મહિલા સશક્તિકરણ ગ્રુપની બહેનો તેમજ યુવા વિદ્યાર્થિનીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ઉપસ્થિત બહેનો દ્વારા પ્રશ્નોત્તરી સત્રમાં પણ ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવ્યો હતો.

કાર્યક્રમના અંતે નિસર્ગ મહિલા વિજ્ઞાન ક્લબના કન્વીનર મીતાબેન ભટ્ટ તેમજ સહ કન્વીનર દિપીકાબેન વાઘેલા તરફથી ડૉ. પ્રિયંકા કક્કરનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો અને તેમના માર્ગદર્શન માટે કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી.અને આગામી કાર્યક્રમની રૂપરેખા જણાવવામાં આવી.

# ઓડિશાના વન અધિકારી તાલીમાર્થીઓ ગાંધીનગરમાં ‘ગીર’ ફાઉન્ડેશન અને ઈન્દ્રોડા પ્રકૃતિ ઉધાનની મુલાકાતે






ઓડિશા ફોરેસ્ટ રેન્જર્સ કોલેજ, અંગુલ, ઓડિશા ખાતે મધ્ય પ્રધેશના રાજ્યના તાલીમ લઈ રહેલ ૪૧ ફોરેસ્ટ રેન્જ ઓફિસર (૨૦૨૫-૨૭ બેચ) એ તેમના વેસ્ટ ઈન્ડિયા સ્ટડી ટુરના ભાગરૂપે આજે ‘ગીર’ ફાઉન્ડેશનની મુલાકાત લીધી હતી.ર્ઘ્ઈઈ ફાઉન્ડેશનના વરિષ્ઠ અધિકારીઓ સાથે તેઓએ વાર્તાલાપ દરમિયાન તાલીમાર્થીઓએ ‘ગીર’ ફાઉન્ડેશન સંસ્થાની વિવિધ કામગીરી વિષે માહિતી મેળવી હતી તેમજ વાર્તાલાપ દરમિયાન ગુજરાતના વન વિસ્તારો, વન્યજીવો, વન સંરક્ષણ, પ્રોટેક્શન, જૈવિક-વિવિધતા વગેરે વિષે ચર્ચા કરીને સમજ કેળવી હતી તથા વન વિસ્તારોના વ્યવસ્થાપન અંગે વિવિધ અભિગમો તથા પ્રાદેશિક પર્યાવરણીય વિશિષ્ટતાઓ અંગે વધુ સમૃદ્ધ સમજ કેળવી હતી.

આ સિવાય તાલીમાર્થીઓએ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉધાનની મુલાકાત દરમિયાન ડાયનાસોર અને ફૉસિલ પાર્ક, બૉટૅનિકલ ગાર્ડન તથા પ્રાણીસંગ્રહાલયની ની મુલાકાત લીધી હતી. તે દરમિયાન તેમણે પ્રાણીઓની સંભાળ, પાર્ક વ્યવસ્થાપન, ફૉસિલ અને તેનું મહત્વ, વાન્સ્પતિક વિવિધતા વગેરે જેવા વિષયો પર માહિતી મેળવી હતી. તાલીમાર્થીઓ રિમોટ સેન્સિંગ અને જી.આઈ.એસ. એકમની મુલાકાત દરમિયાન મૅપિંગ, રિમોટ સેન્સિંગ ડેટાનું મહત્ત્વ અને વન સુરક્ષામાં અને સંરક્ષણમાં તેનું મહત્વ અને ટૅક્નૉલૉજીના વ્યાપક ઉપયોગ વિશે પ્રત્યક્ષ જ્ઞાન મેળવ્યું હતું. ઈકૉલૉજિકલ મૉનિટરિંગ એન્ડ રિસર્ચ લૅબોરેટરીમાં જમીન અને પાણીના નમૂના એકત્ર કરવાની અને અત્યાધુનિક ઉપકરણો દ્વારા તેનું પૃથ્થકરણ કરવાની વૈજ્ઞાનિક પદ્ધતિઓ તથા વન સંરક્ષણ માટે આ માહિતીના ઉપયોગ અંગે તેઓ માહિતગાર કર્યા હતા.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat